## Online External Admission Procedure

**First Year** **(for Student)**

| |
|---|
| એક્ષટર્નલ અભ્યાસક્રમ **Arts Faculty** : B.A./ M.A. તથા **Commerce Faculty** : B.Com./ M.Com. ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે www.admission.vnsgu.net વેબસાઈટ ઉપર સૌપ્રથમ Apply Now થી Quick Registration કરવું. |
| Quick Registration ની માહિતી ભરવાથી E-Mail અને SMS થી Online Form ભરવા માટે OTP અને User ID / Password મળશે. જેની મદદથી એક્ષટર્નલ અભ્યાસક્રમનું Online Form ભરી શકાશે. |
| Online Form માં Application Details માં માંગ્યા મુજબની ક્રમશઃ Basic, Personal, Academic ઓપ્શનની વિગતો ખૂબ જ ચોકસાઈપૂર્વક ભરવાની રહેશે. ત્યારબાદ Attachment ઓપ્શનમાં તમારો ફોટો 300 kb ની મર્યાદામાં અપલોડ કરવાનો રહેશે અને તમારે એપ્લિકેશન ફોર્મની સાથે જરૂરી બિડાણો માટેનું લીસ્ટ જોવા મળશે. |
| ત્યારબાદ Choice ઓપ્શનમાં જીલ્લાવાર કોલેજનું લીસ્ટ જોવા મળશે. દરેક કોલેજમાં ઉપલબ્ધ બેઠકો, ભરાયેલી બેઠકો, ખાલી બેઠકોની માહિતી બટન કલીક કરવાથી જોવા મળશે. જેને ધ્યાને લઈ તમારે એક્ષટર્નલ અભ્યાસક્રમની પરીક્ષા આપવા માટેની કોલેજની પસંદગી કરવાની રહેશે. **(એક કરતા વધુ કોલેજની પસંદગી કરવી નહી.)** |
| પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે હોય એક્ષટર્નલ અભ્યાસક્રમનું એપ્લિકેશન ફોર્મ ભરતી વખતે ખાસ કાળજી રાખવી આવશ્યક છે, કોઈપણ સંજોગોમાં કોલેજની પસંદગી થયા બાદ કોલેજ બદલી કરી આપવામાં આવશે નહી. |
| કોલેજની પસંદગી કર્યા પછી તેને સબમીટ કરવાનું રહેશે જેથી Payment ઓપ્શનમાં ફી ભરવાની કાર્યવાહી કરવાની રહેશે. પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કોલેજમાંથી બેઠકોની બાદબાકી થશે. પેમેન્ટ કર્યા વગર કોઈપણ કોલેજમાંથી બેઠકોની બાદબાકી થશે નહી જેને ખાસ ધ્યાનમાં લેવું તથા પેમેન્ટ કરવામાં નહી આવે ત્યાં સુધી એક્ષટર્નલ અભ્યાસક્રમનું એપ્લિકેશન ફોર્મ ભરાયેલ ગણાશે નહી. |
| પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પેમેન્ટની રસીદ જનરેટ થશે જેને ડાઉનલોડ કરીને પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. ત્યારબાદ એક્ષટર્નલ અભ્યાસક્રમનું એપ્લિકેશન ફોર્મને Download ઓપ્શનમાંથી ડાઉનલોડ કરીને પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. પેમેન્ટની રસીદ અને એક્ષટર્નલ અભ્યાસક્રમનું એપ્લિકેશન ફોર્મને દર્શાવેલ જરૂરી બિડાણો સ્વપ્રમાણિત કરીને સાથે જોડીને ફોર્મમાં દર્શાવેલ આપની પસંદગીની કોલેજમાં **'વેરીફિકેશન'** માટે તથા **'ફાયનલ એલોટમેન્ટ લેટર'** મેળવવા જવાનું રહેશે. **'વેરીફિકેશન'** તથા **'ફાયનલ એલોટમેન્ટ લેટર'** વગર એક્ષટર્નલ અભ્યાસક્રમના એપ્લિકેશન ફોર્મની પ્રોસેસ અધૂરી ગણીને એક્ષટર્નલ પ્રવેશનું ઓલોટમેન્ટ કન્ફર્મ ગણાશે નહી. |
| **પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ– (P.E.C.)** માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓએ અને અન્ય યુનિવર્સિટી માંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના એક્ષટર્નલના **ઓનલાઈન વેરીફિકેશન વખતે** પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે **કોલેજ માંથી ઓનલાઈન ફોર્મ** ભરી ઓરિજનલ ડોકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે. |
| વિદ્યાર્થીએ તેનાં User ID અને Password થી મળેલ ડેશબોર્ડ ઉપર Application Status માં તેની વિગતો સમયાંતરે જોઈ શકશે. વિદ્યાર્થીએ પોતાનો User ID અને Password કોઈને આપવો નહી તેમજ ખોવાઈ જાય નહી તેની ખાસ કાળજી લેવી. |
| વિદ્યાર્થીએ એક્ષટર્નલ એપ્લિકેશન ફોર્મની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ Log Out અવશ્ય કરવું. |

**નોંધ:**

- ✓ પેમેન્ટ સંબંધીત જો કોઈ મુશ્કેલી હોય તો જે–તે બેંકનાં ટોલ ફ્રી નંબર 1800****** પર જાણ કરવાની રહેશે.
- ✓ Online Payment, SBI Branch Payment (૧૨ કલાક પછી) NEFT/RTGS (૨૪ કલાક પછી) જેવા કિસ્સામાં Payment Status Pending હોય તો ફરીથી Initiate Payment પર Click કરવાનુ રહેશે.
- ✓ ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ વિદ્યાર્થીએ ૭ દિવસમાં Payment Status ચેક કરી લેવુ, ત્યારબાદ યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહી. જે કિસ્સામાં પેમેન્ટ બે વખત થઇ જાય તો તેની જાણ external@vnsgu.ac.in પર તમામ વિગતો સાથે કરવાની રહેશે, (પેમેન્ટ બે વખત થઇ જાય તો સૌપ્રથમ નિચે દર્શાવેલ લિંકથી સ્ટેટસ જાણી લેવુ.)
- ✓ આપનુ પેમેન્ટ સ્ટેટસ આ રીતે લિંક દ્વારા જાણો: **www.sbiepay.sbi**
- ✓ SBI-EPAY ફરીયાદ નિવારણ પોર્ટલ: **www.sbiepay.sbi**